અગત્યનું - SSC/HSCE જુલાઈ - ૨૦૨૧ રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારો (ધોરણ - ૧૦/૧૨) અને ગુજકેટ -૨૦૨૧ પરીક્ષાના આયોજન બાબત

ક્રમાંક:મઉમશબ/શા.નિ/ગુજકેટ-
પરીક્ષા – ૨૦૨૧/૨૮૪ થી ૩૧૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર – ૧૦/બી/, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૨૮/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ).

વિષય :- COVID – 19 ની પરિસ્થિતિમાં ગુજકેટ ૨૦૨૧ અને (ધોરણ – ૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા) અને ઉ.મા.પ્ર.પરીક્ષા (ધોરણ – ૧૨) વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના (રીપીટર/ખાનગી/આઈસોલેટેડ) પરીક્ષા સ્થળ પર ધ્યાને લેવાની બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ઉ.મા.પ્ર.પરીક્ષા ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ અને માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ – ૧૦) ના (રીપીટર/ખાનગી/આઈસોલેટેડ) અને ગુજકેટ – ૨૦૨૧ ની યોજાનારી પરીક્ષા માટે COVID-19 ની (કોરોનાની) પરિસ્થિતિમાં લેવાની કાળજીના ભાગ રૂપે નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે. જેનું યોગ્ય પાલન ચુસ્તપણે થાય તે જોવા વિનંતી છે.

## -: પરીક્ષા સ્થળમાં વિદ્યાર્થી પ્રવેશ :-

➔ પરીક્ષા સ્થળમા મુખ્ય પ્રવેશ દ્વાર પર પરીક્ષા સ્થળમાં પ્રવેશ લેનાર તમામ વ્યક્તિઓના શરીરનું તાપમાન થર્મલ ગન વડે ચકાસણી કરવા માટેની વ્યવસ્થા આરોગ્ય વિભાગ/લોકલ ઓથોરીટી/જિલ્લામાં ઉપલબ્ધ સ્ત્રોત મારફતે કરવાની રહેશે.

➔ પરીક્ષા સ્થળમાં પ્રવેશ મેળવનાર તમામ કર્મચારીઓ અને પરીક્ષાર્થીઓ માસ્ક ફરજીયાત પહેરે તે સુનિશ્ચિત કરવું.

➔ પરીક્ષા સ્થળના મુખ્ય દરવાજે સેનેટાઈઝરની સુવિધા ઉપલબ્ધ કરાવવી. (જેનો વિદ્યાર્થીદીઠ ખર્ચ બોર્ડ દ્વારા ખર્ચ પત્રકમાં ગણતરી કરીને આપવામાં આવેલ છે.)

➔ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ચોક વડે માર્કીંગ કરી ૬ ફૂટનું અંતર જળવાય તે રીતે પ્રવેશ કાર્યવાહી કરવી.

➔ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પરીક્ષા સ્થળમાં જો બે દરવાજા હોય તો બે દરવાજાથી પ્રવેશ આપવો. જેથી એક જ દરવાજે થતી વિદ્યાર્થીની ભીડ ઓછી કરી શકાય અને ભૌતિક અંતર જાળવી શકાય.

➔ પરીક્ષા સ્થળના મુખ્ય દરવાજાથી પરીક્ષા ખંડોમાં પ્રવેશ સુધી શાળાનો સ્ટાફ ઉભો રાખીને પ્રવેશ પ્રક્રિયા Social distance સાથે થાય તે સુનિશ્ચિત કરવું.

➔ પરીક્ષા સ્થળના પરીક્ષા ખંડોને બે ભાગમાં વિભાજીત કરીને જો બે દાદર હોય તો બે દાદરથી પ્રવેશ અને નિકાસની વ્યવસ્થા ગોઠવવી.

- ➔ દરેક પરીક્ષા સ્થળો ઉપર પ્રવેશ માટે ઉમેદવારો આવે ત્યારે પ્રવેશની પ્રક્રિયા વહેલી શરૂ કરવી, જેથી મુખ્ય દરવાજા ઉપર વાલી/વિદ્યાર્થીની ભીડ ઘટાડી શકાય.

## -: પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડોની વ્યવસ્થા :-

- ➔ સામાન્ય સંજોગોમાં વિદ્યાર્થીઓને પાણીની બોટલ સાથે પ્રવેશ સામે પ્રતિબંધ છે, પરંતુ COVID-19 ની આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ પારદર્શક પાણીની બોટલ લઈને આવે તો પ્રવેશ આપવો.
- ➔ પરીક્ષાના આગળના દિવસે પરીક્ષા સ્થળને ૧૦૦% સેનેટાઈઝ કરવાનું રહેશે. આ માટે મ્યુનિસિપાલીટી, કોર્પોરેશન, તાલુકા પંચાયત કે ખેડૂતો દ્વારા વપરાતા દવા છાટવાના પંપનો ઉપયોગ કરીને સેનેટાઈજેશન કરાવવાનું રહેશે.
- ➔ પરીક્ષા ખંડમાં પાટલીઓની ગોઠવણ એ રીતે કરવી કે જેથી બે પરીક્ષાર્થી વચ્ચે ૬ ફૂટનું અંતર રહે.
- ➔ વિદ્યાર્થી અને સ્ટાફ માટેના બાથરૂમ આગળ હાથ ધોવા માટે સાબુ/હેન્ડ વોશની વ્યવસ્થા કરવી.
- ➔ OMR થી લેવાતી ગુજકેટની પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET પરત મેળવીને રીશેષના ગાળા દરમિયાન તમામ પરીક્ષાર્થીઓને એક સાથે રીશેષ આપવાના બદલે થોડા થોડા વિદ્યાર્થીઓને રીશેષ આપવી અને તે જ રીતે પરત પરીક્ષા ખંડમાં બેસે તેવી વ્યવસ્થા કરવી. જેથી લોબીમાં, મેદાનમાં કે બાથરૂમમાં વિદ્યાર્થીઓ એકઠા થાય નહી. આ જ રીતે ગણિત અને જીવ વિજ્ઞાનના પ્રશ્નપત્ર વચ્ચેની રીશેષમાં વ્યવસ્થા ગોઠવવી. અન્ય તમામ વ્યક્તિઓ COVID-19 ની ગાઈડલાઈન મુજબ નિયમોનું પાલન કરે તે સુનિશ્ચિત કરવું.
- ➔ પરીક્ષાર્થીઓ કે અન્ય કોઈ સ્ટાફ બિનજરૂરી રીતે દિવાલો, રેલીંગ, દાદરની પેરીફીટ જેવી વસ્તુઓને ન અડકે.
- ➔ પાણીની વ્યવસ્થા માટે ડીસ્પોજેબલ ગ્લાસની વ્યવસ્થા કરવી. જેથી એક નો એક ગ્લાસ અન્યના ઉપયોગમાં ન આવે.

## -: પરીક્ષા સ્થળમાંથી વિદ્યાર્થીઓનો નિકાસ :-

- ➔ જે વિદ્યાર્થીઓની સમગ્ર પરીક્ષા પૂર્ણ થાય તે વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાંથી પરીક્ષા પૂર્ણ થયા બાદ એક એક કરીને બહાર જાય તેવી વ્યવસ્થા ઉભી કરવી.
- ➔ સંપૂર્ણ પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીક્ષાર્થીઓ પરીક્ષા સ્થળના મેદાનમાં કે લોબીમાં એકઠા ન થાય અને પરીક્ષા સ્થળની કમ્પાઉન્ડની બહાર એક એક કરીને ઝડપથી પરીક્ષા સ્થળ છોડી દે તેવી વ્યવસ્થા ગોઠવવી.
- ➔ પરીક્ષા સ્થળ પર ફરજ બજાવતા કર્મચારીઓ તેમજ પરીક્ષાર્થીઓ વચ્ચે સામાજિક અંતર જળવાય તે રીતે પરીક્ષા સ્થળમાંથી બહાર જવાની ગોઠવણ કરવી.
- ➔ પરીક્ષા સ્થળ પરના દાદર ઉપર અવર-જવર માટે ડાબી અને જમણી બાજુ હરોળમાં ભૌતિક અંતર જાળવીને ચઢવા ઉતરવા માટેની સૂચનાઓ આપવી.
- ➔ પરીક્ષા પહેલા કે પૂર્ણ થયા બાદ પરીક્ષા સ્થળની બહાર ટોળા ન વળે તેની તકેદારી રાખવી.

## -: જિલ્લા કક્ષાએ કરવાની કામગીરી :-

- જિલ્લાના સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રેસ નોટ દ્વારા અને ઈલેક્ટ્રોનીક્સ મીડીયા દ્વારા વિદ્યાર્થીઓ-વાલીઓને પ્રવેશના સ્થળે બિનજરૂરી ભીડ ન કરે તે માટેની સૂચનાઓ બહાર પાડવી. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા જાહેરનામાં પ્રસિદ્ધ થાય અને તેનું ચુસ્તપણે પાલન થાય.
- જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલન કેળવી સહકાર મેળવીને ટ્રાફીક-વ્યવસ્થા, પરીક્ષા સ્થળ ઉપરની ભીડ આ તમામ બાબતો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સ્વયં પરીક્ષા સ્થળોની અગાઉ મુલાકાત લઈને સ્થાનિક પરિસ્થિતિ મુજબ COVID-19 ની ગાઈડલાઈનનું ઉલ્લંઘન ન થાય તેની કાળજી રાખવી.
- પરીક્ષા સ્થળ ઉપર COVID-19 ની ગાઈડલાઈન મુજબ સમગ્ર વ્યવસ્થા ગોઠવાય અને તે માટે દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ માઈક્રોપ્લાનીંગ કરવાનું રહેશે.

## ગુજકેટ – ૨૦૨૧ માટે ખાસ ધ્યાનમાં રાખવાની સુચનાઓ

- પરીક્ષા સ્થળોમાં વધુમાં વધુ ૧૨ બ્લોક વાપરવામાં આવેલ છે.
- દરેક બ્લોકમાં ૨૦ વિદ્યાર્થી ફાળવેલ છે.
- વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પરીક્ષા સ્થળમાં જો બે દરવાજા હોય તો બે દરવાજાથી પ્રવેશ આપવો; જેથી વિદ્યાર્થી સંખ્યા ઘટાડી શકાય અને ભૌતિક અંતર જાળવી શકાય.
- વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ચોક વડે માર્કિંગ કરી ૬ ફુટનું અંતર જળવાય તે રીતે પ્રવેશ કાર્યવાહી કરવી.
- પરીક્ષાસ્થળના પરીક્ષાખંડોને બે ભાગમાં વિભાજીત કરીને બે દાદરથી પ્રવેશ અને નિકાલની વ્યવસ્થા ગોઠવવી.
- પરીક્ષાસ્થળના મુખ્ય દરવાજાથી પરીક્ષાખંડોમાં પ્રવેશ સુધી શાળાનો સ્ટાફ ઉભો રાખીને પ્રવેશ પ્રક્રિયા સુનિશ્ચિત કરવી.
- પરીક્ષાસ્થળના મુખ્ય દરવાજે સેનીટાઇઝરની સુવિધા ઉપલબ્ધ કરાવવી. (જેનો વિદ્યાર્થીદીઠ ખર્ચ બોર્ડ દ્વારા ખર્ચ પત્રકમાં ગણતરી કરીને આપવામાં આવેલ છે.)
- પરીક્ષાસ્થળના મુખ્ય પ્રવેશ દ્વાર પર પરીક્ષાસ્થળમાં પ્રવેશ લેનાર તમામ વ્યક્તિઓના શરીરનું તાપમાન થર્મલગન વડે ચકાસણી કરવા માટેની વ્યવસ્થા આરોગ્ય વિભાગ/લોકલ ઓથોરીટી/જિલ્લામાં ઉપલબ્ધ સ્ત્રોત મારફતે કરવાની રહેશે.
- પરીક્ષાના આગળના દિવસે ૧૦૦% સેનેટાઇજ કરવાનું રહેશે. આ માટે મ્યુનિસિપાલિટી, કોર્પોરેશન, તાલુકા પંચાયત કે ખેડુતો દ્વારા વપરાતા દવા છાંટવાના પંપનો ઉપયો કરીને સેનેટાઇજેશન કરાવવાનું રહેશે.
- પરીક્ષાખંડમાં પાટલીઓની ગોઠવણ એ રીતે કરવી કે જેથી ૬ ફુટનું અંતર રહે.
- પરીક્ષાસ્થળમાં પ્રવેશ મેળવનાર તમામ કર્મચારીઓ અને પરીક્ષાર્થીઓ માસ્ક ફરજીયાત પહેરે જે સુનિશ્ચિત કરવું.
- જે તે પ્રશ્નપત્રોની પરીક્ષા પૂર્ણ થયા બાદ રીશેષના ગાળા દરમિયાન પરીક્ષાર્થીઓ અને અન્ય તમામ વ્યક્તિઓ COVID-19 ની ગાઇડલાઇન મુજબ નિયમો પાડે તે સુનિશ્ચિત કરવું.

- દરેક પરીક્ષાસ્થળો ઉપર પ્રવેશ માટે ઉમેદવારો આવે ત્યારે પ્રવેશની પ્રક્રિયા વહેલી શરૂ કરવા જેથી મુખ્ય દરવાજા ઉપર વાલી, વિદ્યાર્થીની ભીડ ઘટાડી શકાય.
- જિલ્લાના સ્થાનિક વર્તમાનપત્રોમાં પણ પ્રેસ નોટ, મિડીયા દ્વારા વાલી વિદ્યાર્થીઓને પ્રવેશના સ્થળે બિનજરૂરી ભીડ ન કરે તે માટેની સુચનાઓ બહાર પાડવી.
- જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલન કેળવી સહકાર મેળવીને ટ્રાફીક વ્યવસ્થા, પરીક્ષાસ્થળ ઉપરની ભીડ આ તમામ બાબતો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સ્વયં પરીક્ષાસ્થળોની અગાઉ મુલાકાત લઇને સ્થાનિક પરિસ્થિતિ મુજબ COVID-19 ની ગાઇડલાઇનનું ઉલ્લંઘન ન થાય તેની કાળજી રાખવી.
- વિદ્યાર્થી અને સ્ટાફ માટેની બાથરૂમ આગળ હાથ ધોવા માટે સાબુની વ્યવસ્થા કરવી.
- સામાન્ય સંજોગોમાં વિદ્યાર્થીઓને પાણીની બોટલ સાથે પ્રવેશ સામે પ્રતિબંધ હોય છે પરંતુ COVID-19 ની આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ પારદર્શક પાણીની બોટલ લઇને આવે તો પ્રવેશ આપવો.
- દરેક પ્રશ્નપત્ર પૂર્ણ થયા બાદ પરીક્ષાખંડના વિદ્યાર્થીઓ એકસાથે ટોળામાં બહાર ન નીકળે પરંતુ એક-એક કરીને પરીક્ષાખંડની બહાર જાય તેવી વ્યવસ્થા કરવી.
- ઉપરોક્ત તમામ સુચનાઓ ભૌતિક વિજ્ઞાન-રસાયણ વિજ્ઞાન, ગણિત અને જીવ વિજ્ઞાનના પ્રશ્નપત્રો દરમિયાન પાલન કરવાનું રહેશે.
- પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીક્ષાસ્થળની બહાર ટોળા ન વળે તેની તકેદારી રાખવી.
- પરીક્ષાસ્થળ ઉપર COVID-19 ની ગાઇડલાઇન મુજબ સમગ્ર વ્યવસ્થા ગોઠવાય અને કોઇ જગ્યાએ ટીકાપાત્ર ન બનીએ તે માટે દરેક જિલ્લાએ માઇક્રોપ્લાનીંગ કરવાનું રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/8567
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા.5/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, સંબધિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.